# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

सत्यमेव जयते

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/માતૃભાષા/૨૦૧૯/૮૮

તા.૧૫/૦૨/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી,RMSA,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ
માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક-તમામ
ભાવનગર

વિષય : "વિશ્વ માતૃભાષા દિવસ"ની ઉજવણી કરવા બાબત
સંદર્ભ : ગુજરાત શૈક્ષણીક સંશોધન અને તાલીમ પરિષદનાં પત્રાંક
જીસીઇઆરટી/અભ્યાસક્રમ/માતૃભાષા/૪૩૭૫-૪૪૫૨, તા.૧૫/૦૨/૨૦૧૯

ઉપરોક્ત વિષય સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, <u>તા.૨૧, ફેબ્રુઆરીના રોજ "વિશ્વ માતૃભાષા દિવસ" ની ઉજવણી કરવામાં આવે છે.</u> આપણી માતૃભાષા ગુજરાતીનું મહત્વ વધે અને શાળાના બાળકો ગુજરાતી ભાષાના શિષ્ટ સાહિત્ય અને ભાષાના મહત્વને સમજે તે માટે આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા દરેક શાળામાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવે તેવું નક્કી કરવામાં આવેલ છે. રાજ્યની તમામ શાળાઓએ વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે નીચે મુજબની પ્રવૃત્તિઓ પૈકી સ્થાનિક અનુકૂળતા મુજબ પ્રવૃત્તિઓ યોજવાની રહેશે.

૧) રાજ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં ૪૫ થી ૬૦ મિનિટના સમયની મર્યાદામાં માતૃભાષા દિવસની ઉજવણી કરવાની રહેશે જેમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરી શકાશે.

- માતૃભાષાના મહત્વને સમજાવતું પ્રવચન
- ગુજરાતી ભાષાને લગતી વાચન સ્પર્ધા
- વિદ્યાર્થીઓના વયકક્ષા અનુરૂપ ગુજરાતી ભાષાના સમાનાર્થી, વિરૂદ્ધાર્થી, એકવચન-બહુવચન તેમજ અન્ય વ્યાકરણ સંબંધી ક્વીઝ
- કાવ્યપઠન, શ્રુતલેખન, સુલેખન, જોડણી સુધાર જેવી બાબતો અંગે કાર્યક્રમ યોજવાના રહેશે.
- ગુજરાતી ભાષાના લેખક પરિચય, કવિ પરિચય, વાર્તાલેખન, કાવ્ય લેખન જેવા કાર્યક્રમો પણ યોજી શકાય.

Scanned by CamScanner

દરેક શાળાઓએ કાર્યક્રમ અંગેનો નિચેના પત્રક મુજબ અહેવાલ (ફક્ત શ્રુતિ ફોન્ટમાં જ) સ્પષ્ટ ફોટોગ્રાફ્સ સહિત ઇ-મેલ yojana.deobhav@gmail.com પર મોકલી(તા.૨૨/૦૨/૨૦૧૯ સાંજે ૬:૦૦ કલાક સુધિમાં), અને હાર્ડકોપી અત્રેની કચેરીને તા.૨૫-૦૨-૨૦૧૯(સોમવાર) સાંજે ૦૬:૦૦ કલાક પહેલા રજુ કરવાની રહેશે.

| ક્રમ | શાળાનું નામ | શાળામાં થયેલ પ્રવૃત્તિનું નામ | ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા | વિશિષ્ટ મહાનુભાવોને આમંત્રણ આપેલ હોય તો નામ અને ટૂંકો પરિચય |
|---|---|---|---|---|
| | | | | |

**ખાસ નોંધ:** માન. શિક્ષણમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠક અને તેમાં મળેલ સૂચના પ્રમાણે ઉક્ત માહિતી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને મોકલવાની હોવાથી માહિતી સમયમર્યાદામાં અત્રેની કચેરીને મોકલવા જણાવવામાં આવે છે.

ઈ/ચા.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના અમલવારી સારૂ:**
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી
સદર કચેરી

Scanned by CamScanner